Sr. Teacher (Sec. Edu. Deptt.) Exam- 2025
Exam Dt.- 18.07.2026

पुस्तिका में पृष्ठों की संख्या : 16
Number of Pages in Booklet : 16
पुस्तिका में प्रश्नों की संख्या : 150
No. of Questions in Booklet : 150

SST-26

3551701

इस प्रश्न-पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए। Do not open this Question Booklet until you are asked to do so.

प्रश्न-पुस्तिका संख्या व बारकोड / Question Booklet No. & Barcode

Paper Code : 38

Paper – II
Sub : Gujarati

समय : 02:30 घण्टे + 10 मिनट अतिरिक्त*
Time : 02:30 Hours + 10 Minutes Extra*

अधिकतम अंक : 300
Maximum Marks : 300

प्रश्न-पुस्तिका के पेपर की सील/पॉलिथीन बैग को खोलने पर प्रश्न-पत्र हल करने से पूर्व परीक्षार्थी यह सुनिश्चित कर लें कि :

- प्रश्न-पुस्तिका संख्या तथा ओ.एम.आर. उत्तर-पत्रक पर अंकित बारकोड संख्या समान हैं।
- प्रश्न-पुस्तिका एवं ओ.एम.आर. उत्तर-पत्रक के सभी पृष्ठ व सभी प्रश्न सही मुद्रित हैं। समस्त प्रश्न, जैसा कि ऊपर वर्णित है, उपलब्ध हैं तथा कोई भी पृष्ठ कम नहीं है/ मुद्रण त्रुटि नहीं है।

किसी भी प्रकार की विसंगति या दोषपूर्ण होने पर परीक्षार्थी वीक्षक से दूसरा प्रश्न-पत्र प्राप्त कर लें। यह सुनिश्चित करने की जिम्मेदारी अभ्यर्थी की होगी। परीक्षा प्रारम्भ होने के 5 मिनट पश्चात् ऐसे किसी दावे/आपत्ति पर कोई विचार नहीं किया जायेगा।

On opening the paper seal/polythene bag of the Question Booklet before attempting the question paper, the candidate should ensure that :

- **Question Booklet Number and Barcode Number of OMR Answer Sheet are same.**
- **All pages & Questions of Question Booklet and OMR Answer Sheet are properly printed. All questions as mentioned above are available and no page is missing/misprinted.**

If there is any discrepancy/defect, candidate must obtain another Question Booklet from Invigilator. Candidate himself shall be responsible for ensuring this. No claim/objection in this regard will be entertained after five minutes of start of examination.

परीक्षार्थियों के लिए निर्देश

1. प्रत्येक प्रश्न के लिये एक विकल्प भरना अनिवार्य है।
2. सभी प्रश्नों के अंक समान हैं।
3. प्रत्येक प्रश्न का मात्र एक ही उत्तर दीजिए। एक से अधिक उत्तर देने की दशा में प्रश्न के उत्तर को गलत माना जाएगा।
4. OMR उत्तर-पत्रक इस प्रश्न-पुस्तिका के अन्दर रखा है। जब आपको प्रश्न-पुस्तिका खोलने को कहा जाए, तो उत्तर-पत्रक निकाल कर ध्यान से केवल नीले बॉल पॉइंट पेन से विवरण भरें।
5. कृपया अपना रोल नम्बर ओ.एम.आर. उत्तर-पत्रक पर सावधानीपूर्वक सही भरें। गलत रोल नम्बर भरने पर परीक्षार्थी स्वयं उत्तरदायी होगा।
6. ओ.एम.आर. उत्तर-पत्रक में करेक्शन पेन/व्हाईटनर/सफेदा का उपयोग निषिद्ध है।
7. प्रत्येक गलत उत्तर के लिए प्रश्न अंक का 1/3 भाग काटा जायेगा। गलत उत्तर से तात्पर्य अशुद्ध उत्तर अथवा किसी भी प्रश्न के एक से अधिक उत्तर से है।
8. प्रत्येक प्रश्न के पाँच विकल्प दिये गये हैं, जिन्हें क्रमशः 1, 2, 3, 4, 5 अंकित किया गया है। अभ्यर्थी को सही उत्तर निर्दिष्ट करते हुए उनमें से केवल एक गोले (बबल) को उत्तर-पत्रक पर नीले बॉल पॉइंट पेन से गहरा करना है।
9. यदि आप प्रश्न का उत्तर नहीं देना चाहते हैं तो उत्तर-पत्रक में पाँचवें (5) विकल्प को गहरा करें। यदि पाँच में से कोई भी गोला गहरा नहीं किया जाता है, तो ऐसे प्रश्न के लिये प्रश्न अंक का 1/3 भाग काटा जायेगा।
10.* प्रश्न-पत्र हल करने के उपरांत अभ्यर्थी अनिवार्य रूप से ओ.एम.आर. उत्तर-पत्रक जाँच लें कि समस्त प्रश्नों के लिये एक विकल्प (गोला) भर दिया गया है। इसके लिये ही निर्धारित समय से 10 मिनट का अतिरिक्त समय दिया गया है।
11. यदि अभ्यर्थी 10% से अधिक प्रश्नों में पाँच विकल्पों में से कोई भी विकल्प अंकित नहीं करता है तो उसको अयोग्य माना जायेगा।
12. मोबाइल फोन अथवा अन्य किसी इलेक्ट्रोनिक यंत्र का परीक्षा हॉल में प्रयोग पूर्णतया वर्जित है। यदि किसी अभ्यर्थी के पास ऐसी कोई वर्जित सामग्री मिलती है तो उसके विरुद्ध आयोग द्वारा नियमानुसार कार्यवाही की जायेगी।

चेतावनी : अगर कोई अभ्यर्थी नकल करते पकड़ा जाता है या उसके पास से कोई अनधिकृत सामग्री पाई जाती है, तो उस अभ्यर्थी के विरुद्ध पुलिस में प्राथमिकी दर्ज कराते हुए राजस्थान सार्वजनिक परीक्षा (भर्ती में अनुचित साधनों की रोकथाम अध्युपाय) अधिनियम, 2022 तथा अन्य प्रभावी कानून एवं आयोग के नियमों-प्रावधानों के तहत कार्यवाही की जाएगी। साथ ही आयोग ऐसे अभ्यर्थी को भविष्य में होने वाली आयोग की समस्त परीक्षाओं से विवर्जित कर सकता है।

INSTRUCTIONS FOR CANDIDATES

1. **It is mandatory to fill one option for each question.**
2. **All** questions carry equal marks.
3. Only **one** answer is to be given for each question. If more than one answers are marked, it would be treated as wrong answer.
4. The **OMR** Answer Sheet is inside this Question Booklet. When you are directed to open the Question Booklet, take out the Answer Sheet and fill in the particulars carefully with **Blue Ball Point Pen** only.
5. Please correctly fill your Roll Number in **OMR** Answer Sheet. Candidates will themselves be responsible for filling wrong Roll No.
6. **Use of Correction Pen/Whitener in the OMR Answer Sheet is strictly forbidden.**
7. **1/3 part of the mark(s) of each question will be deducted for each wrong answer.** A wrong answer means an incorrect answer or more than one answers for any question.
8. **Each question has five options marked as 1, 2, 3, 4, 5. You have to darken only one circle (bubble) indicating the correct answer on the Answer Sheet using BLUE BALL POINT PEN.**
9. **If you are not attempting a question then you have to darken the circle '5'. If none of the five circles is darkened, one third (1/3) part of the marks of question shall be deducted.**
10.* **After solving question paper, candidate must ascertain that he/she has darkened one of the circles (bubbles) for each of the questions. Extra time of 10 minutes beyond scheduled time, is provided for this.**
11. **A candidate who has not darkened any of the five circles in more than 10% questions shall be disqualified.**
12. **Mobile Phone or any other electronic gadget in the examination hall is strictly prohibited. A candidate found with any of such objectionable material with him/her will be strictly dealt with as per rules.**

Warning : If a candidate is found copying or if any unauthorized material is found in his/her possession, F.I.R. would be lodged against him/her in the Police Station and he/she would be liable to be prosecuted under **Rajasthan Public Examination (Measures for Prevention of Unfair means in Recruitment) Act, 2022 & any other laws applicable and Commission's Rules-Regulations.** Commission may also debar him/her permanently from all future examinations.

उत्तर-पत्रक में दो प्रतियाँ हैं – मूल प्रति और कार्बन प्रति। परीक्षा समाप्ति पर परीक्षा कक्ष छोड़ने से पूर्व परीक्षार्थी उत्तर-पत्रक की दोनों प्रतियाँ वीक्षक को सौंपेंगे, परीक्षार्थी स्वयं कार्बन प्रति अलग नहीं करें। वीक्षक उत्तर-पत्रक की मूल प्रति को अपने पास जमा कर, कार्बन प्रति को मूल प्रति से कट लाइन से मोड़ कर सावधानीपूर्वक अलग कर परीक्षार्थी को सौंपेंगे, जिसे परीक्षार्थी अपने साथ ले जायेंगे। परीक्षार्थी को उत्तर-पत्रक की कार्बन प्रति चयन प्रक्रिया पूर्ण होने तक सुरक्षित रखनी होगी एवं आयोग द्वारा माँगे जाने पर प्रस्तुत करनी होगी।

1. રૂઢિપ્રયોગના અર્થની દૃષ્ટિએ કયું જોડકું અસંગત છે ?

(1) ઉચાળા ભરવા – ઘરબાર ખાલી કરીને નીકળી જવું કે ભાગવું.

(2) પગરણ માંડવા – શરૂઆત કરવી

(3) બે પાંદડે થવું – દુઃખી થવું, ગરીબ બની જવું.

(4) મનમાં ગાંઠ વાળવી – નક્કી કરવું

(5) અનુત્તરિત પ્રશ્ન

2. આપેલ સંધિ વિગ્રહ માટે સાચો વિકલ્પ કયો છે ?

સિંધુ + ઊર્મિ

(1) સિંધૂર્મિ (2) સિંધૂર્મી

(3) સિંધુર્મિ (4) સીંધૂર્મિ

(5) અનુત્તરિત પ્રશ્ન

3. નીચે પૈકી કયો એક સમાસ સર્વપદપ્રધાન સમાસનું ઉદાહરણ છે ?

(1) વનવાસ (2) પાણીપોચું

(3) મખ્ખીચૂસ (4) ભાઈભાંડુ

(5) અનુત્તરિત પ્રશ્ન

4. 'ઓચિંતુ કોઈ મને રસ્તે મળે ને કદી ધીમેથી પૂછે કે કેમ છે ?'- પંક્તિમાં પ્રયોજાયેલ રીતિવાચક ક્રિયાવિશેષણ માટે સાચો વિકલ્પ પસંદ કરો :

(i) કોઈ-કદી (ii) ઓચિંતુ-ધીમેથી

(iii) રસ્તે-ધીમેથી (iv) મને-કદી

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો :

(1) (iii) અને (iv) માત્ર

(2) (i) અને (iii) માત્ર

(3) (ii) અને (iv) માત્ર

(4) માત્ર (ii)

(5) અનુત્તરિત પ્રશ્ન

5. નીચે આપેલ વિકલ્પો પૈકી કયા શબ્દનો પર્યાયવાચી 'છાણકો' થાય છે ?

(1) બડકું (2) બોરિયું

(3) ડોરણું (4) બુતાન

(5) અનુત્તરિત પ્રશ્ન

6. 'પાંચમે લઘુતા તોળો, ગુરુ છઠ્ઠો લખ્યો

બીજે ચોથે પદ્ય બોલો શ્લોકમાં લઘુ સાતમો' – સૂત્ર કયા છંદના બંધારણનું છે ?

(1) અનુષ્ટુપ (2) પૃથ્વી

(3) ચોપાઈ (4) મનહર

(5) અનુત્તરિત પ્રશ્ન

7. નીચેનામાંથી સંજ્ઞા અને તેના ઉદાહરણની કઈ જોડ સાચી છે ?

(1) વ્યક્તિવાચક સંજ્ઞા – નર્મદા, પર્વત, સમુદાય

(2) જાતિવાચક સંજ્ઞા – ચિત્ર, આબુ, સાબરમતી

(3) દ્રવ્યવાચક સંજ્ઞા – દૂધ, ચોખા, તકલીફ

(4) સમૂહવાચક સંજ્ઞા – સમિતિ, સભા, સેના

(5) અનુત્તરિત પ્રશ્ન

8. "જીવલો કહે, પોયરા, દાળ ચોખા આપું તો ખીચડી બનાવી લાખ." – વાક્યમાં અધોરેખિત સંજ્ઞાઓનો અનુક્રમે કયો પ્રકાર સાચો છે?

(1) વ્યક્તિવાચક – દ્રવ્યવાચક – જાતિવાચક

(2) વ્યક્તિવાચક - જાતિવાચક – દ્રવ્યવાચક

(3) જાતિવાચક – વ્યક્તિવાચક – દ્રવ્યવાચક

(4) જાતિવાચક - દ્રવ્યવાચક – વ્યક્તિવાચક

(5) અનુત્તરિત પ્રશ્ન

9. આપેલ વાક્યોમાંથી કયા વાક્યમાં 'કે' સંયોજક પરિણામવાચી સંયોજક તરીકે વપરાયેલ છે ?
(1) અનિલ ચા કે કૉફી પીતો નથી.
(2) અનિલને ઓફિસમાં એટલું કામ હતું કે તેનાથી ઘરે જવાયું નહીં.
(3) અનિલ મુંબઈ નહીં આવે કેમ કે, તેની તબિયત સારી નથી.
(4) તારે લેસન કરવાનું હતું કે બહાર જવાનું હતું.
(5) અનુત્તરિત પ્રશ્ન

10. 'તિમિર, ત્વચા, તૂટક, તંગ, તૃપ્તિ, ત્રિકોણ' – શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.
(1) ત્વચા, તંગ, ત્રિકોણ, તિમિર, તૃપ્તિ, તૂટક
(2) તંગ, ત્વચા, તૂટક, તૃપ્તિ, તિમિર, ત્રિકોણ
(3) તંગ, તિમિર, તૂટક, તૃપ્તિ, ત્રિકોણ, ત્વચા
(4) ત્રિકોણ, તંગ, તિમિર, ત્વચા, તૃપ્તિ, તૂટક
(5) અનુત્તરિત પ્રશ્ન

11. 'આમ ચાલશો તો ક્યારે પહોંચશો ?' – વાક્યમાં અધોરેખિત ક્રિયાવિશેષણ પ્રકાર જણાવો.
(1) સ્થળવાચક (2) સમયવાચક
(3) રીતિવાચક (4) ક્રમવાચક
(5) અનુત્તરિત પ્રશ્ન

12. વર્ણભેદે અર્થભેદ કરતા શબ્દોમાંથી ખોટો વિકલ્પ શોધો.
(1) શરત-હોડ, સરત-ધ્યાન
(2) શાન-આબરૂ, સાન-અક્કલ
(3) સૂર-દેવ, સુર-અવાજ
(4) સંકર-ભેળસેળ, શંકર-શિવ
(5) અનુત્તરિત પ્રશ્ન

13. આપેલ સામાસિક શબ્દોમાંથી મધ્યમપદલોપી સમાસ ઓળખાવો.
(1) દેશપ્રેમ (2) શિલાલેખ
(3) આબોહવા (4) સપ્તપદી
(5) અનુત્તરિત પ્રશ્ન

14. કયા શબ્દની રચનામાં મૂળ અંગને પૂર્વ પ્રત્યય લાગેલ છે ?
(1) સમજણ (2) સગવડ
(3) સકળ (4) સચોટ
(5) અનુત્તરિત પ્રશ્ન

15. કઈ જોડીના બંને શબ્દોમાં સાચી જોડણી પ્રયોજાયેલ છે ?
(1) ઉર્મિલ – જટીલ (2) પ્રતિકૃતી – પ્રતિક્ષા
(3) અનુભુતિ-અનુકુળ (4) શારીરિક-સામાજિક
(5) અનુત્તરિત પ્રશ્ન

16. "એ સાંજે અમે બધાં ખૂબ હસ્યાં." – આ વાક્યનું સાચું પ્રેરકવાક્ય કયું થશે ?
(1) એ સાંજે મારાથી હસાયું નહી.
(2) એ સાંજે અમે બધાં ખૂબ હસતાં હતાં.
(3) એ સાંજે નીલેશભાઈએ અમને બધાને ખૂબ હસાવ્યાં.
(4) એ સાંજે અમારાથી ખૂબ હસાયું.
(5) અનુત્તરિત પ્રશ્ન

17. આપેલ વાક્યો પૈકી કયા વાક્યમાં સીમાવાચક નિપાતનો પ્રયોગ થયો છે ?
(1) હું પણ ત્યાં આવીશ, રામ પણ આવશે.
(2) પત્રનો જવાબ લખવાની કૃપા કરશોજી.
(3) એને કેવળ ભણવામાં નહીં, રમવામાં પણ એટલો રસ છે.
(4) મોડી મોડી પણ તું આવી ખરી !
(5) અનુત્તરિત પ્રશ્ન

18. નીચે આપેલ વાક્યો પૈકી કયા વાક્યમાં વર્તમાન કૃદંતનો પ્રયોગ થયો છે ?
(1) તે આવવાનો હતો, હમણાં આવશે.
(2) વેચેલાં પુસ્તકોના પૈસા આવી ગયા.
(3) વાંચતાં છોકરાં પાસ થઈ ગયાં.
(4) આ ચોપડી વાંચવાને માટે હું લઈ જઈશ.
(5) અનુત્તરિત પ્રશ્ન

19. નીચે આપેલ વાક્યોમાંથી નિષેધવાચક વાક્યનો વિકલ્પ પસંદ કરો :
(1) વાહ ! આજે તો મજા પડશે.
(2) તમે અત્યારે જશો કે પછી જશો ?
(3) મા આવી ને માયા લાવી.
(4) તમે બધાં એક સાથે બોલશો મા.
(5) અનુત્તરિત પ્રશ્ન

20. 'ત્યારે કામ કહ્યું ગોરાણીએ, તને સાંભરે રે ?' – આપેલ પંક્તિમાં રેખાંકિત શબ્દ સર્વનામનો કયો પ્રકાર દર્શાવે છે ?
(1) સ્થળવાચક સર્વનામ
(2) સ્વવાચક સર્વનામ
(3) સમયવાચક સર્વનામ
(4) જથ્થા/પ્રમાણવાચક સર્વનામ
(5) અનુત્તરિત પ્રશ્ન

21. 'સુંદર નવપલ્લવિત વૃક્ષ ઊગી જવાની એ તીવ્ર પ્રતીક્ષા કરી રહી હતી.' – આ વાક્યને આધારે આપેલા શબ્દોમાંથી કયો શબ્દ વિશેષણ નથી ?
(1) સુંદર (2) નવપલ્લવિત
(3) તીવ્ર (4) પ્રતીક્ષા
(5) અનુત્તરિત પ્રશ્ન

22. આપેલ સંજ્ઞાઓ પૈકી એક કરતાં વધુ લિંગમાં પ્રયોજાતી હોય એવી સંજ્ઞાઓ ઓળખી બતાવો.
(1) ખાટલો, લોટો (2) વેપારી, પવન
(3) ઝાકળ, ચંપલ (4) ફીરકી, સાડી
(5) અનુત્તરિત પ્રશ્ન

23. કઈ કૃતિ અખા ભગતની નથી ?
(1) પંચીકરણ (2) સતસૈયા
(3) ચિત્તવિચારસંવાદ (4) કૈવલ્યગીતા
(5) અનુત્તરિત પ્રશ્ન

24. નીચેનામાંથી કયા ધ્વનિઓ અર્ધસ્વર તરીકે ઓળખાય છે ?
(1) લ અને ળ (2) ર અને સ
(3) વ અને ય (4) શ અને ષ
(5) અનુત્તરિત પ્રશ્ન

25. "તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં" – કાવ્યપંક્તિ કોની છે ?
(1) ધીરો ભગત (2) અખા ભગત
(3) ભોજા ભગત (4) ધના ભગત
(5) અનુત્તરિત પ્રશ્ન

26. કવિ બાણભટ્ટકૃત 'કાદંબરી'નો ગુજરાતી આખ્યાન સ્વરૂપમાં સારાનુવાદ કોણે કર્યો છે ?
(1) કવિ નાકર (2) પ્રેમાનંદ
(3) ભાલણ (4) દયારામ
(5) અનુત્તરિત પ્રશ્ન

27. કવિ માંડણ બંધારો ક્યાંના રહેવાસી હતા ?
(1) ડભોઈ (2) શિરોહી
(3) અમદાવાદ (4) પાટણ
(5) અનુત્તરિત પ્રશ્ન

28. ન્હાનાલાલે કવિ દયારામને કઈ ઉપમા આપી છે ?
(1) 'હસતો' કવિ (2) 'ઉપમાઓનો કવિ'
(3) 'રસકવિ' (4) 'બંસીબોલ'
(5) અનુત્તરિત પ્રશ્ન

29. ગુજરાતી ભાષા કઈ પ્રાકૃતમાંથી ઉદ્ભવી છે ?
(1) માગધી (2) શૌરસેની
(3) પૈશાચી (4) પાલિ
(5) અનુત્તરિત પ્રશ્ન

30. ગુજરાતી ભાષામાં 'લ' અને 'ળ' કયા પ્રકારના ધ્વનિઓ છે ?
(1) સંઘર્ષી (2) પ્રકંપી
(3) અર્ધસ્વર (4) પાર્શ્વિક
(5) અનુત્તરિત પ્રશ્ન

31. "બાંધુ નાગદમણ ગુજરાતી ભાખા" કાવ્યપંક્તિ પ્રેમાનંદની કઈ કૃતિમાં મળે છે ?
(1) ઓખાહરણ (2) દશમસ્કંધ
(3) ચંદ્રહાસાખ્યાન (4) કુંવરબાઈનું મામેરું
(5) અનુત્તરિત પ્રશ્ન

32. નીચે પૈકી કઈ પંક્તિ નરસિંહ મહેતાની નથી ?
(1) આજની ઘડી રે રળિયામણી રે.
(2) જાગીને જોઉં તો જગત દીસે નહીં
(3) પ્રેમરસ પાને, તું મોરના પિચ્છધર !
(4) શોભા સલૂણા શ્યામની તું જોને સખી !
(5) અનુત્તરિત પ્રશ્ન

33. 'લોકકથાના મૂળ અને કુળ' પુસ્તકના લેખકનું નામ જણાવો.
(1) હરિવલ્લભ ભાયાણી
(2) ભોગીલાલ સાંડેસરા
(3) જયંત કોઠારી
(4) કે.કા. શાસ્ત્રી
(5) અનુત્તરિત પ્રશ્ન

34. 'કાન્હડદે પ્રબંધ' કૃતિના રચયિતા કોણ છે ?
(1) લાવણ્યસમયસૂરિ (2) જયશેખરસૂરિ
(3) પદ્મનાભ (4) લાવણ્યરત્ન
(5) અનુત્તરિત પ્રશ્ન

35. 'હંસાઉલી'ના કર્તાનું નામ જણાવો.
(1) નાકર (2) વીરસિંહ
(3) દયારામ (4) અસાઈત
(5) અનુત્તરિત પ્રશ્ન

36. કયા જૈન સર્જક 'કલિકાલસર્વજ્ઞ' તરીકે જાણીતા છે ?
(1) જિનપ્રભસૂરિ (2) હેમચંદ્રાચાર્ય
(3) વિનયચંદ્રસૂરિ (4) હીરાણંદસૂરિ
(5) અનુત્તરિત પ્રશ્ન

37. નીચેનામાંથી કઈ કૃતિ નરસિંહ મહેતાની આત્મકથનાત્મક કૃતિ નથી ?
(1) મામેરું (2) હારસમેનાં પદો
(3) દાણલીલા (4) હૂંડી
(5) અનુત્તરિત પ્રશ્ન

38. દંત્ય અને મૂર્ધન્ય વ્યંજનોની અદલાબદલી – એ ગુજરાતની કઈ બોલીની લાક્ષણિકતા છે ?
(1) ચરોતરી (2) પટ્ટણી
(3) સુરતી (4) સૌરાષ્ટ્રી
(5) અનુત્તરિત પ્રશ્ન

39. પ્રથમ ભૂમિકાની ગુજરાતી ભાષાને તેસ્સિતોરી કયા નામે ઓળખાવે છે?
(1) જૂની ગુજરાતી
(2) ગૌર્જર અપભ્રંશ
(3) પ્રાચીન પશ્ચિમ રાજસ્થાની
(4) મારું-ગુર્જર
(5) અનુત્તરિત પ્રશ્ન

40. મીરાંબાઈના પદો નીચેનામાંથી કઈ ભાષામાં પ્રાપ્ત થતાં નથી ?
(1) અવધિ (2) વ્રજ
(3) હિંદી (4) રાજસ્થાની
(5) અનુત્તરિત પ્રશ્ન

41. નીચેનામાંથી કયું પદ મીરાંબાઈ દ્વારા રચાયેલું છે ?
(1) જૂનું તો થયું રે દેવળ
(2) એવા રે અમો એવા રે
(3) તન તીરથ, તું આતમ દેવ
(4) મારા નયણાં તણા શણગાર
(5) અનુત્તરિત પ્રશ્ન

42. મધ્યકાળના કયા સાહિત્યસ્વરૂપમાં ઐતિહાસિક કે ધાર્મિક વીર પુરુષના ચરિત્રનું આલેખન કરવામાં આવતું હતું ?
(1) ફાગુકાવ્ય (2) પ્રબંધકાવ્ય
(3) પદ્યવાર્તા (4) બારમાસી
(5) અનુત્તરિત પ્રશ્ન

43. નરસિંહ મહેતાના ઝૂલણાં છંદમાં રચાયેલા પદો કયા નામે જાણીતા છે ?
(1) પ્રભાતિયાં (2) શૃંગારમાળા
(3) ચાતુરીઓ (4) વસંતના પદો
(5) અનુત્તરિત પ્રશ્ન

44. નરસિંહ મહેતા પહેલાના બસો-અઢીસો વર્ષના યુગને 'રાસયુગ' તરીકે કોણ ઓળખાવે છે ?
(1) કનૈયાલાલ મુનશી (2) કેશવરામ શાસ્ત્રી
(3) ઉમાશંકર જોષી (4) નર્મદ
(5) અનુત્તરિત પ્રશ્ન

45. રાજસ્થાનની લગ્નવિધિમાં વેવાઈની ઠઠ્ઠા-મશ્કરીનાં ફટાણાં (ગીતો) ગવાય છે, એને કયા નામે ઓળખવામાં આવે છે ?
(1) સમેલા (2) કામણ
(3) હથેવાળો (4) મીંજલિયો
(5) અનુત્તરિત પ્રશ્ન

46. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની ગદ્યકૃતિઓમાં 18મી સદીના ગદ્યનો ઉત્તમ નમૂનો કયા ગ્રંથને ગણવામાં આવે છે ?
(1) મુગ્ધાવબોધ ઔક્તિક
(2) વચનામૃત
(3) શિક્ષાપત્રી
(4) વેદ રહસ્ય
(5) અનુત્તરિત પ્રશ્ન

47. ગુજરાતમાં કબીરની શબ્દસાધનાનો પ્રચાર-પ્રસાર કરનાર રામકબીર શાખાના સ્થાપક કવિ કોણ છે ?
(1) મોરાર સાહેબ (2) ખીમ સાહેબ
(3) ભાણ સાહેબ (4) દાસી જીવણ
(5) અનુત્તરિત પ્રશ્ન

48. 'નલદમયંતી રાસ'ના સર્જકનું નામ જણાવો.
(1) નયસુંદર (2) માણિક્યદેવસૂરિ
(3) પ્રેમાનંદ (4) નાકર
(5) અનુત્તરિત પ્રશ્ન

49. 'પ્રાણિયા ! ભજી લેને કિરતાર' રચના કયા કવિની છે ?
(1) બાપુસાહેબ ગાયકવાડ
(2) નિરાંત
(3) વસ્તો
(4) ભોજો
(5) અનુત્તરિત પ્રશ્ન

50. નીચેનામાંથી કઈ કૃતિ દયારામની નથી ?
(1) રસિકવલ્લભ
(2) ભક્તિપોષણ
(3) અજામિલ-આખ્યાન
(4) રણયજ્ઞ
(5) અનુત્તરિત પ્રશ્ન

51. નીચેનામાંથી કયો અઘોષ ધ્વનિ નથી ?
(1) ક (2) ખ
(3) ટ (4) ઢ
(5) અનુત્તરિત પ્રશ્ન

52. પદ્યવાર્તામાં નિરૂપિત કથાઓ નિરૂપણની દૃષ્ટિએ કયા વિભાગમાં મૂકી શકાય ?
(1) પ્રેમકથાઓ (2) અદ્‌ભૂતકથાઓ
(3) ઉપરોક્ત બંને (4) એકપણ નહીં
(5) અનુત્તરિત પ્રશ્ન

53. આખ્યાનના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે ?
(1) નરસિંહ મહેતા (2) પ્રેમાનંદ
(3) નાકર (4) ભાલણ
(5) અનુત્તરિત પ્રશ્ન

54. 'કળિકાળનો ગરબો' કોની નોંધપાત્ર રચના છે ?
(1) વલ્લભ ભટ્ટ (2) શામળ ભટ્ટ
(3) ભટ્ટ પ્રેમાનંદ (4) દયારામ
(5) અનુત્તરિત પ્રશ્ન

55. છ પંક્તિમાં લખાતાં મધ્યકાલીન કાવ્ય સ્વરૂપને કયા નામે ઓળખવામાં આવે છે ?
(1) છપ્પા (2) ચાબખા
(3) માતૃકા (4) વિવાહલઉ
(5) અનુત્તરિત પ્રશ્ન

56. તીખી મર્મવેધક વાણીમાં અહંકારી જીવોને જ્ઞાન-ઉપદેશ કયા સ્વરૂપની રચનામાં અપાયો છે ?
(1) પદ (2) રાસ
(3) ચાબખા (4) પદ્યવાર્તા
(5) અનુત્તરિત પ્રશ્ન

57. શૃંગારરસનું કાવ્ય 'વસંતવિલાસ' કયા સ્વરૂપની રચના છે ?
(1) પદ (2) ફાગ-ફાગુ
(3) રાસ-રાસક (4) ગરબો-ગરબી
(5) અનુત્તરિત પ્રશ્ન

58. ભવાઈના વેશોનો સંગ્રહ કોણે તૈયાર કર્યો છે ?
(1) મહીપતરામ રૂપરામ નીલકંઠ
(2) ખીમસાહેબ
(3) મૂળદાસજી
(4) સતી લીરલબાઈ
(5) અનુત્તરિત પ્રશ્ન

59. અબ્દુર રહેમાનની કૃતિનું નામ જણાવો.
(1) 'ભરતેશ્વર – બાહુબલિ રાસ'
(2) 'ગીતગોવિંદ'
(3) 'સંદેશક-રાસક'
(4) 'ભરતેશ્વર-બાહુબલિ ઘોર'
(5) અનુત્તરિત પ્રશ્ન

60. ધીરો ભગત તેમની કયા પ્રકારની રચનાઓ માટે વખણાય છે ?
(1) છપ્પા (2) ચાબખા
(3) કાફી (4) આખ્યાન
(5) અનુત્તરિત પ્રશ્ન

61. "હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને પરથમ પહેલું મસ્તક મૂકી વળતું લેવું નામ જોને." – પંક્તિના કર્તા કોણ છે ?
(1) નરસિંહ મહેતા (2) અખો
(3) પ્રીતમ (4) દયારામ
(5) અનુત્તરિત પ્રશ્ન

62. અખાના છપ્પામાં આવતા ઉલ્લેખ પ્રમાણે એણે કોને ગુરુ કર્યા હતા ?
(1) ગોરખનાથ (2) બ્રહ્માનંદ
(3) ગોકુળનાથ (4) ગોવિંદનાથ
(5) અનુત્તરિત પ્રશ્ન

63. જોડકણાં અને ઉખાણા જેવા પ્રકારોનો સમાવેશ કાવ્યના કયા વર્ગમાં કરવામાં આવે છે ?
(1) સોનેટ (2) ગીત
(3) મુક્તક (4) ખંડકાવ્ય
(5) અનુત્તરિત પ્રશ્ન

64. ગઝલના છંદો શેના આશ્રિત છે ?
(1) વજન (2) માપ
(3) ઊંડાણ (4) ભાવ
(5) અનુત્તરિત પ્રશ્ન

65. નીચેનામાંથી રમણલાલ વસંતલાલ દેસાઈની નવલકથા કઈ છે ?
(1) ચૌલાદેવી (2) પાદરના તીરથ
(3) અમે બધાં (4) ગ્રામલક્ષ્મી
(5) અનુત્તરિત પ્રશ્ન

66. નીચેનામાંથી અનુઆધુનિકતાનું મહત્ત્વનું લક્ષણ કયું છે ?
(1) ત્વરિત પરિવર્તન (2) શિથિલતા
(3) સંસાર સુધારો (4) આદર્શવાદ
(5) અનુત્તરિત પ્રશ્ન

67. નીચેનામાંથી બળવંતરાય ક. ઠાકોરનો કાવ્યસંગ્રહ કયો છે ?
(1) પૂર્વાલાપ (2) ભણકાર
(3) કુરુક્ષેત્ર (4) કલિકા
(5) અનુત્તરિત પ્રશ્ન

68. નીચેનામાંથી 'ગુજરાત શાળાપત્ર' સામાયિકના તંત્રી કોણ હતાં ?
(1) નર્મદ (2) નંદશંકર મહેતા
(3) નવલરામ પંડ્યા (4) મહીપતરામ નીલકંઠ
(5) અનુત્તરિત પ્રશ્ન

69. મુક્તકનું કદ કેવું હોય છે ?
(1) લઘુ (2) વિસ્તૃત
(3) દીર્ઘ (4) વિવરણાત્મક
(5) અનુત્તરિત પ્રશ્ન

70. નીચેની નવલકથા સાથે તેના નવલકથાકારને જોડો :

A.	'ચહેરા'	i.	કિશોર જાદવ
B.	'આકાર'	ii.	રાવજી પટેલ
C.	'નિશાચક'	iii.	ચંદ્રકાન્ત બક્ષી
D.	'અશ્રુધર'	iv.	મધુરાય

(1) A-ii, B-i, C-iv, D-iii
(2) A-iii, B-iv, C-i, D-ii
(3) A-iv, B-iii, C-i, D-ii
(4) A-iv, B-i, C-ii, D-iii
(5) અનુત્તરિત પ્રશ્ન

71. ગુજરાતી સાહિત્યમાં 'યુગમૂર્તિ નવલકથાકાર' તરીકે કોણ ઓળખાય છે ?
(1) બાલાશંકર કંથારિયા (2) નાનાભાઈ ભટ્ટ
(3) ધનસુખલાલ મહેતા (4) રમણલાલ દેસાઈ
(5) અનુત્તરિત પ્રશ્ન

72. નીચેનામાંથી 'હાઈકુ' શબ્દના મૂળમાં કયો શબ્દ રહેલો છે ?
(1) હુકો (2) હોક્કુ
(3) હોઈકુ (4) હુકી
(5) અનુત્તરિત પ્રશ્ન

73. નીચેનામાંથી કોને ગુજરાતી નાટક અને રંગભૂમિના પિતા ગણવામાં આવે છે ?
(1) મહીપતરામ રૂપરામ નીલકંઠ
(2) કરસનદાસ મૂળજી
(3) રણછોડભાઈ ઉદયરામ
(4) દલપતરામ
(5) અનુત્તરિત પ્રશ્ન

74. કવિ રાવજી પટેલના 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' ગીતને ઉમાશંકર જોશીએ કયા નામથી ઓળખાવ્યું છે ?
(1) ગુજરાતી કાવ્યસાહિત્યનું સીમાચિહ્ન
(2) રાવજીનું હંસગીત
(3) રાવજીનું મૃત્યુગીત
(4) ગુજરાતી કાવ્યસાહિત્યનું અમરગીત
(5) અનુત્તરિત પ્રશ્ન

75. 'નંદ સામવેદી' તખલ્લુસથી કયા નિબંધકારે લલિત નિબંધો રચ્યા છે ?
(1) દ્વિગીશ મહેતા (2) ચંદ્રકાન્ત શેઠ
(3) ગુણવંત શાહ (4) ભોળાભાઈ પટેલ
(5) અનુત્તરિત પ્રશ્ન

76. ગુજરાતી ભાષાના પ્રથમ કરુણાન્ત સામાજિક નાટક 'લલિતા દુઃખદર્શક'ના લેખકનું નામ જણાવો.
(1) દલપતરામ
(2) નવલરામ
(3) કરસનદાસ મૂળજી
(4) રણછોડભાઈ ઉદયરામ દવે
(5) અનુત્તરિત પ્રશ્ન

77. સોનેટ અને તેના સર્જકની કઈ જોડ યોગ્ય છે ?
(1) તીર્થોત્તમ – પૂજાલાલ
(2) વળાવી બા આવી – ઉશનસ્
(3) આયુષ્યના અવશેષે – ઉમાશંકર જોશી
(4) આત્માનાં ખંડેર – રાજેન્દ્ર શાહ
(5) અનુત્તરિત પ્રશ્ન

78. અર્વાચીન ગુજરાતી કવિતાનું સૌપ્રથમ આવિષ્કરણ ગણાતી 'બાપાની પીંપર' પ્રકૃતિ કવિતાના કવિનું નામ આપો.
(1) નર્મદ (2) દલપતરામ
(3) નવલરામ (4) દુર્ગારામ
(5) અનુત્તરિત પ્રશ્ન

79. નીચેનામાંથી કયા સાહિત્યકારનો સમાવેશ 'પંડિતયુગ'ના સર્જકોમાં થતો નથી ?
(1) મણિલાલ દ્વિવેદી (2) આનંદશંકર ધ્રુવ
(3) બળવંતરાય ઠાકોર (4) મહીપતરામ નીલકંઠ
(5) અનુત્તરિત પ્રશ્ન

80. ટૂંકીવાર્તા અને તેના સર્જકની કઈ જોડ સાચી છે ?
(1) ગોવિંદનું ખેતર – ધૂમકેતુ
(2) લોહીનું ટીપું – ઈશ્વર પેટલીકર
(3) લોહીની સગાઈ – જયંત ખત્રી
(4) જક્ષણી – ઉમાશંકર જોશી
(5) અનુત્તરિત પ્રશ્ન

81. નીચેનામાંથી કયો વિષય ગાંધીયુગના સાહિત્યમાં કેન્દ્રસ્થાને ન હતો ?
(1) દલિતપ્રેમ (2) બાળવિવાહ
(3) ગ્રામોદ્ધાર (4) વાસ્તવદર્શન
(5) અનુત્તરિત પ્રશ્ન

82. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં કયા સમયગાળાને સાક્ષરયુગ તરીકે ઓળખવામાં આવે છે ?
(1) ઈ.સ. 1800 થી ઈ.સ. 1850
(2) ઈ.સ. 1850 થી ઈ.સ. 1885
(3) ઈ.સ. 1885 થી ઈ.સ. 1915
(4) ઈ.સ. 1915 થી ઈ.સ. 1950
(5) અનુત્તરિત પ્રશ્ન

83. બાળલગ્નના કુરિવાજને કેન્દ્રમાં રાખી નવલરામે કયું કાવ્ય રચ્યું છે ?
(1) વેનચરિત્ર (2) જનાવરની જાન
(3) ભટ્ટનું ભોપાળું (4) વીરમતી
(5) અનુત્તરિત પ્રશ્ન

84. રામનારાયણ પાઠકે કયા તખલ્લુસથી કાવ્યસર્જન કરેલ છે ?
(1) સ્વૈરવિહારી (2) દ્વિરેફ
(3) શેષ (4) ઘનશ્યામ
(5) અનુત્તરિત પ્રશ્ન

85. ગુજરાતી સાહિત્યમાં 'લઘુકથા' સ્વરૂપને સાહિત્યિક પ્રતિષ્ઠા અપાવનાર અને લઘુકથાના જનક તરીકે કોને ઓળખવામાં આવે છે ?
(1) રમેશ ત્રિવેદી (2) રામજીભાઈ કડિયા
(3) મોહનલાલ પટેલ (4) બિપિન પરીખ
(5) અનુત્તરિત પ્રશ્ન

86. લાભશંકર ઠાકર અને સુભાષ શાહ કૃત કયું નાટક એબ્સર્ડ શૈલીનું ત્રિઅંકી નાટક છે ?
(1) પેન્સિલ, કબર અને મીણબત્તી
(2) જડબેસલાક રામ જાંબુ
(3) ઝેરવું
(4) એક ઉંદર અને જદુનાથ
(5) અનુત્તરિત પ્રશ્ન

87. નિબંધનું લલિત સ્વરૂપ સુરેશ જોશીએ કયા નિબંધસંગ્રહમાં સિદ્ધ કર્યું છે ?
(1) જનાન્તિકે (2) સમૂળી ક્રાન્તિ
(3) ઉઘાડી બારી (4) જીવનનો આનંદ
(5) અનુત્તરિત પ્રશ્ન

88. ગુજરાતી કવિતાક્ષેત્રે જાપાની કાવ્ય પ્રકાર 'હાઇકુ'ના પ્રણેતા કવિ કોણ છે ?
(1) સુન્દરમ્ (2) સ્નેહરશ્મિ
(3) બ.ક. ઠાકોર (4) વેણીભાઈ પુરોહિત
(5) અનુત્તરિત પ્રશ્ન

89. 'મંડળી મળવાથી થતા લાભ' નિબંધના સર્જક કોણ છે ?
(1) દલપતરામ (2) નંદશંકર મહેતા
(3) નર્મદ (4) નવલરામ પંડ્યા
(5) અનુત્તરિત પ્રશ્ન

90. નીચેનામાંથી કયું જોડકું બંધબેસતું નથી ?
(1) કેમ મકનજી ક્યાં ચાલ્યા ? – સતીશ વ્યાસ
(2) નાટ્યાંજલિ – જયેન્દ્ર શેખડીવાળા
(3) ટાઈમ બૉમ્બ – ઈન્દુ પુવાર
(4) પારેવાનો ચિત્કાર – લવકુમાર દેસાઈ
(5) અનુત્તરિત પ્રશ્ન

91. નીચેનામાંથી કૃતિ-કર્તાની કઈ જોડી યોગ્ય નથી ?
(1) શાંત કોલાહલ - રાજેન્દ્ર શાહ
(2) વળાંક – કરસનદાસ માણેક
(3) પરિક્રમા – બાલમુકુંદ દવે
(4) શૂળ અને શમણાં – અમૃત ઘાયલ
(5) અનુત્તરિત પ્રશ્ન

92. નીચેના નાટ્યકારો સાથે તેમની કૃતિને જોડી યોગ્ય વિકલ્પ પસંદ કરો :

A.	લાભશંકર ઠાકર	i.	હું પશલો છું
B.	શ્રીકાંત શાહ	ii.	મરી જવાની મજા
C.	ઈન્દુ પુવાર	iii.	ચાર ચહેરા એક માણસ
D.	રઘુવીર ચૌધરી	iv.	ડિમ લાઈટ

(1) A-iv, B-i, C-iii, D-ii
(2) A-ii, B-iv, C-i, D-iii
(3) A-iii, B-i, C-iv, D-ii
(4) A-ii, B-iii, C-i, D-iv
(5) અનુત્તરિત પ્રશ્ન

93. સુરેશ જોષીની "એકદા નૈમિષારણ્યે" કૃતિનો સાહિત્ય પ્રકાર કયો છે ?
(1) ઊર્મિકાવ્ય (2) નવલિકા
(3) નવલકથા (4) નિબંધ
(5) અનુત્તરિત પ્રશ્ન

94. 'લોહીની સગાઈ' વાર્તાના સર્જક કોણ છે ?
(1) રઘુવીર ચૌધરી (2) પન્નાલાલ પટેલ
(3) ઈશ્વર પેટલીકર (4) સુરેશ જોષી
(5) અનુત્તરિત પ્રશ્ન

95. નીચેના વિધાનોની યથાર્થતા તપાસો :
(A) 'વનાંચલ' એ જયંત પાઠકનો કાવ્યસંગ્રહ છે.
(B) 'માધવ ક્યાંય નથી' એ હરીન્દ્ર દવેનો કાવ્યસંગ્રહ છે.
(1) (A) અને (B) બંને સાચા છે.
(2) (A) અને (B) બંને ખોટા છે.
(3) (A) સાચું અને (B) ખોટું છે.
(4) (A) ખોટું અને (B) સાચું છે.
(5) અનુત્તરિત પ્રશ્ન

96. 'પવન રૂપેરી', 'ઉઘડતી દીવાલો', 'પડઘાની પેલે પાર' જેવા કાવ્યસંગ્રહો કયા કવિના છે ?
(1) રમેશ પારેખ (2) પ્રિયકાંત મણિયાર
(3) ચંદ્રકાન્ત શેઠ (4) રાવજી પટેલ
(5) અનુત્તરિત પ્રશ્ન

97. ગુજરાતી સાહિત્યની કઈ આત્મકથાએ વિશ્વઆત્મકથા સાહિત્યમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે ?
(1) સ્મરણયાત્રા (2) મારી હકીકત
(3) સત્યના પ્રયોગો (4) મુક્તિ વૃતાંત
(5) અનુત્તરિત પ્રશ્ન

98. વર્ગખંડમાં કયા પ્રકારની આંતરક્રિયા થાય છે ?
(1) શિક્ષક-વિદ્યાર્થી વ્યવહાર
(2) વિદ્યાર્થી-વિદ્યાર્થી વ્યવહાર
(3) વિદ્યાર્થી-સામગ્રી (ઉદ્દીપકો) વ્યવહાર
(4) ઉપરોક્ત તમામ
(5) અનુત્તરિત પ્રશ્ન

99. ભાષાશિક્ષણ માટે માતૃભાષાના પાઠ્યપુસ્તકમાં કૃતિ _____ છે.
(1) માધ્યમ
(2) મુખ્ય
(3) ગૌણ
(4) આ પૈકી એકપણ નહીં
(5) અનુત્તરિત પ્રશ્ન

100. કથન-કૌશલ્યના વિકાસ માટે નીચે આપેલા વિકલ્પમાંથી કઈ પ્રયુક્તિ બંધબેસતી નથી ?
(1) વાર્તા કથન (2) અહેવાલ લેખન
(3) ચર્ચા-પરિસંવાદ (4) વક્તૃત્વ સ્પર્ધા
(5) અનુત્તરિત પ્રશ્ન

101. વ્યાકરણ શિક્ષણની કઈ પદ્ધતિમાં ઉદાહરણો પરથી નિયમો તારવવામાં આવે છે ?
(1) પ્રાયોગિક (2) નિગમન પદ્ધતિ
(3) આગમન પદ્ધતિ (4) ભાષા સંસર્ગ પદ્ધતિ
(5) અનુત્તરિત પ્રશ્ન

102. નીચે આપેલાં વિધાનોને આધારે યોગ્ય વિકલ્પ પસંદ કરો :
(અ) માતૃભાષા એટલે માતાની ભાષા, જન્મભૂમિ અને ઉછેરભૂમિની ભાષા
(બ) માતૃભાષા એટલે માતાની સમાન કક્ષાએ મૂકી શકાય એવી ભાષા
(1) (અ) સાચું છે અને (બ) ખોટું છે.
(2) (અ) ખોટું છે અને (બ) સાચું છે.
(3) (અ) અને (બ) બંને સાચાં છે.
(4) (અ) અને (બ) બંને ખોટાં છે.
(5) અનુત્તરિત પ્રશ્ન

103. શિક્ષણ ક્ષેત્રે '21મી સદીના કૌશલ્યો'માં નીચેના પૈકી શેનો સમાવેશ થાય છે ?
(1) વિચાર શક્તિ (Critical thinking)
(2) સર્જનાત્મકતા (Creativity)
(3) સહકાર અને સંચાર (Collaboration and communication)
(4) ઉપરોક્ત તમામ
(5) અનુત્તરિત પ્રશ્ન

104. માતૃભાષાનો પાયો નબળો હોય તો કઈ મુશ્કેલીઓ સર્જાય છે ?
(1) અન્ય વિષયોના અર્થગ્રહણની મુશ્કેલી.
(2) પાઠ્યપુસ્તકો અને સંદર્ભસાહિત્યના ઉપયોગની મુશ્કેલી.
(3) જુદા-જુદા વિષયોના પાયાના ખ્યાલો કે સંકલ્પના સમજવાની મુશ્કેલી.
(4) ઉપરોક્ત તમામ
(5) અનુત્તરિત પ્રશ્ન

105. ભાષાશિક્ષણના કૌશલ્યોનો સાચો ક્રમ કયો છે ?
(1) વાંચન, લેખન, શ્રવણ, કથન
(2) શ્રવણ, કથન, વાંચન, લેખન
(3) લેખન, વાંચન, કથન, શ્રવણ
(4) કથન, શ્રવણ, લેખન, વાંચન
(5) અનુત્તરિત પ્રશ્ન

106. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અને NCF-2023માં કઈ થીમ્સને સર્વાંગી શિક્ષણના સશક્ત સાધન તરીકે રજૂ કરવામાં આવી છે ?
(1) ક્રોસ કટિંગ
(2) ફ્લિપ્સ ક્લાસરૂમ
(3) ફ્લેક્સ મોડેલ
(4) ઓનલાઈન અધ્યયન
(5) અનુત્તરિત પ્રશ્ન

107. બાળકના ભાષાવિકાસની શરૂઆત ક્યાંથી થાય છે ?

(1) શાળા (2) સમાજ

(3) કુટુંબ (4) મિત્રો

(5) અનુત્તરિત પ્રશ્ન

108. ભાષા શીખવાની પ્રક્રિયામાં કઈ-કઈ બાબતો જરૂરી છે ?

(1) જન્મદત્ત ક્ષમતા અને યોગ્ય વાતાવરણ

(2) ભાષા અનુકરણ, સાહચર્ય અને આંતરસૂઝ

(3) શારીરિક કસરત

(4) વિકલ્પ (1) અને (2) બંને

(5) અનુત્તરિત પ્રશ્ન

109. અધ્યયન માટેની _____ પ્રવૃત્તિને મધપૂડો પદ્ધતિ ઉત્તેજિત કરે છે.

(1) સામૂહિક (2) સર્વોત્તમ

(3) એકલતા (4) સંદિગ્ધ

(5) અનુત્તરિત પ્રશ્ન

110. "વલણ એટલે કોઈ ખાસ મુદ્દા પ્રત્યે માણસની લાગણીઓ, ગ્રંથિઓ, પૂર્વગ્રહો, વિચારો, માન્યતાઓ, ભય અને ધમકીઓનો સરવાળો" આ વ્યાખ્યા કોણે આપી છે ?

(1) થર્સ્ટન (2) સ્ટિફન્સ

(3) ગીલફર્ડ (4) આલ્પોર્ટ

(5) અનુત્તરિત પ્રશ્ન

111. વિદ્યાર્થીઓના 'વલણ' માપન માટે કઈ પદ્ધતિ પ્રચલિત છે ?

(1) રિલ્કેની પદ્ધતિ

(2) મેથ્યુ આર્નલ્ડની પદ્ધતિ

(3) થર્સ્ટન અને લિકર્ટની પદ્ધતિ

(4) પ્લેટોની પદ્ધતિ

(5) અનુત્તરિત પ્રશ્ન

112. જે વિશિષ્ટથી સામાન્ય તરફ જાય છે તે કઈ પદ્ધતિ છે ?

(1) આગમન (2) નિગમન

(3) પ્રત્યક્ષ (4) પરોક્ષ

(5) અનુત્તરિત પ્રશ્ન

113. કવિ અનિલ જોશીના 'કન્યાવિદાય' કાવ્યનો આસ્વાદ કરાવવો તે કયા પ્રકારનો હેતુ છે ?

(1) ભાવાત્મક (2) જ્ઞાનાત્મક

(3) મનોશારીરિક (4) સંશયાત્મક

(5) અનુત્તરિત પ્રશ્ન

114. કોઈ એક વિચાર કે એક મુદ્દાની ચર્ચા કરવી, એનાં ભિન્ન-ભિન્ન પાસાં સમજવા, એક કરતાં વધુ વ્યક્તિઓ ભેગી થઈ વિચારોની આપ-લે કરે તેને કઈ પદ્ધતિ કહે છે ?

(1) સેમિનાર (2) નિરીક્ષિત

(3) સ્વાધ્યાય (4) વિશ્લેષણ

(5) અનુત્તરિત પ્રશ્ન

115. માતૃભાષા સચોટ, સમૃદ્ધ અને સુંદર બને તે માટે શેનું શિક્ષણ જરૂરી છે ?

(1) પર્યાવરણ (2) ખગોળશાસ્ત્ર

(3) વ્યાકરણ (4) ભૌતિકશાસ્ત્ર

(5) અનુત્તરિત પ્રશ્ન

116. બાળકને વ્યાકરણ શિક્ષણની ઔપચારિક શિક્ષણ માટે કઈ પદ્ધતિઓ વધુ અનુકૂળ છે ?

(1) અનુબંધ-આગમન

(2) નિગમન-અનુબંધ

(3) ભાષા સંસર્ગ-આગમન

(4) આગમન-નિગમન

(5) અનુત્તરિત પ્રશ્ન

117. નીચેનામાંથી વાંચનના પ્રકારો કયા છે ?

(1) મુખવાંચન

(2) મૂકવાંચન

(3) મુખવાંચન અને મૂકવાચન બંને

(4) ઉપરોક્તમાંથી એકપણ નહીં

(5) અનુત્તરિત પ્રશ્ન

118. શબ્દકોશક્રમ અનુસાર સાચો વિકલ્પ કયો છે ?

(1) કિનારો, કૃત્ય, કૈલાશ, કંગન

(2) અંજના, અજગર, સસલું, શ્લેશ

(3) ક્ષમા, જમાનો, જ્ઞાની, ટપાલી

(4) ક્ષત્રિય, ગણપતિ, ત્રેવડ, જ્ઞાત

(5) અનુત્તરિત પ્રશ્ન

119. નીચેનામાંથી સંયોજક વિનાની સકળ ઘટકની દ્વિરુક્તિનું ઉદાહરણ ઓળખાવો :

(1) ઠેરઠેર (2) દોડાદોડી

(3) જૂઠેજૂઠું (4) અવરજવર

(5) અનુત્તરિત પ્રશ્ન

120. નીચેનામાંથી તાલવ્ય ઘોષ વ્યંજન કયો છે ?

(1) જ્ (2) ચ્

(3) છ્ (4) ઘ્

(5) અનુત્તરિત પ્રશ્ન

121. ઉપસર્ગના ઉપયોગ વિના બનેલો શબ્દ ઓળખાવો.

(1) અતિશય (2) સુગંધ

(3) વિવશ (4) સામાજિક

(5) અનુત્તરિત પ્રશ્ન

122. નીચે આપેલ શબ્દોમાંથી સાચી જોડણીવાળો શબ્દ કયો છે ?

(1) મ્યુનીસીપાલિટી (2) મ્યુનિસિપાલિટી

(3) મ્યુનીસિપાલિટી (4) મ્યુનિસીપાલિટિ

(5) અનુત્તરિત પ્રશ્ન

123. નીચે આપેલ શબ્દો પૈકી કઈ જોડ જુદી પડે છે ?

(1) સંક્ષિપ્ત-વિસ્તૃત (2) ભુજંગ-અહિ

(3) તત્સમ-તદ્‌ભવ (4) ઉન્નતિ-અવનતિ

(5) અનુત્તરિત પ્રશ્ન

124. નીચે આપેલ તળપદા અને શિષ્ટ શબ્દોના જોડકામાંથી સાચું જોડકું કયું છે ?

(1) પાંસરું – હાડકું (2) માંજર – બિલાડી

(3) વગદાં – વાયદો (4) ફાંદ – ગાડું

(5) અનુત્તરિત પ્રશ્ન

125. 'ઘોડા, બળદને ખાવા માટે અપાતું અનાજ' – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(1) બકોરવું (2) જૂજવા

(3) ઓહાણ (4) જોગાણ

(5) અનુત્તરિત પ્રશ્ન

126. આપેલ કહેવતોના જોડકામાંથી કઈ જોડીમાં સમાન અર્થ ધરાવતી કહેવતો નથી ?

(1) સાપ કાઢતાં ઘો પેઠી – સાપ ગયા ને લિસોટા રહ્યા

(2) ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન – આંધળામાં કાણો રાજા

(3) ખાલી ચણો વાગે ઘણો – અધૂરો ઘડો છલકાય ઘણો

(4) એક હાથે તાળી ના પડે – ઝાઝા હાથ રળિયામણા

(5) અનુત્તરિત પ્રશ્ન

127. લેખનમાં રહી ગયેલું ઉમેરવા માટે કયું વિરામચિહ્ન વપરાય છે ?

(1) અલ્પવિરામ (2) લોપચિહ્ન

(3) કાકપદચિહ્ન (4) ગુરુવિરામ

(5) અનુત્તરિત પ્રશ્ન

128. 'કર્તા' વિભક્તિનું કાર્ય જણાવો.

(1) કર્મ દર્શાવે છે.

(2) ક્રિયાનો કરનાર દર્શાવે છે.

(3) સંબોધન દર્શાવે છે.

(4) સંજ્ઞા સાથે સંજ્ઞાને દર્શાવે છે.

(5) અનુત્તરિત પ્રશ્ન

129. 'પણ, ભીયા ભરવાડના ઓસડિયાંએ ભારે કાહરી કરી.' – વાક્યમાં રેખાંકિત તળપદા શબ્દનું શિષ્ટરૂપ ઓળખાવો.

(1) ઓડકાર

(2) પ્રયત્ન

(3) દવાના ગુણવાળી વનસ્પતિ – ઔષધિ

(4) ઓશીકું

(5) અનુત્તરિત પ્રશ્ન

130. ખરાબ દશા હોવી તે – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(1) સુખાકારી (2) ઐશ્વર્ય

(3) દુર્દશા (4) વૈભવ

(5) અનુત્તરિત પ્રશ્ન

131. નામ કે સર્વનામની સાથે આવી તેમના પ્રત્યયની ગરજ સારે છે. આ પ્રકારના શબ્દો શું છે ?

(1) કેવળપ્રયોગી અવ્યય

(2) ઉભયાન્વયી અવ્યય

(3) નામયોગી અવ્યય

(4) ઉદ્‌ગારવાચક અવ્યય

(5) અનુત્તરિત પ્રશ્ન

132. 'જીવરામ ભટ્ટ કાલે પોતાના ગામમાં હતા.' – કાળ જણાવો.

(1) ભૂતકાળ (2) ભવિષ્યકાળ

(3) વર્તમાનકાળ (4) એકપણ નહીં

(5) અનુત્તરિત પ્રશ્ન

133. "શામળિયાએ શિર પર સુંદર મોર મુગુટ ધારણ કર્યો હતો" – વિશેષણ શોધો.

(1) ધારણ (2) શિર

(3) પર (4) સુંદર

(5) અનુત્તરિત પ્રશ્ન

134. 'તેઓ ખાટલાવશ હતા.' – સર્વનામ શોધો.

(1) હતા (2) ખાટલાવશ

(3) તેઓ (4) એકપણ નહીં

(5) અનુત્તરિત પ્રશ્ન

135. વાક્યમાં 'કારણ કે', 'કેમ કે', 'જેમ કે' અને 'એટલે કે' પછી કયું વિરામચિહ્ન મૂકવું જોઈએ ?

(1) અર્ધવિરામ (2) પૂર્ણવિરામ

(3) અલ્પવિરામ (4) ગુરુવિરામ

(5) અનુત્તરિત પ્રશ્ન

136. ગુજરાતી શબ્દકોશમાં 'ક્ષ'નું સ્થાન ક્યાં આવે છે ?

(1) 'અ'ની હરોળમાં (2) 'ક'ની હરોળમાં

(3) 'ખ'ની હરોળમાં (4) 'ષ'ની હરોળમાં

(5) અનુત્તરિત પ્રશ્ન

137. નીચે આપેલ શબ્દો પૈકી કયો શબ્દ 'અભ્યાગત' શબ્દનો સમાનાર્થી છે ?

(1) પ્રખ્યાત/સુખ્યાત (2) અતિથિ/પરોણો

(3) દોસ્ત/મિત્ર (4) આહત/જખમી

(5) અનુત્તરિત પ્રશ્ન

138. આપેલ વાક્યો પૈકી અધિકરણ વિભક્તિનો પ્રયોગ થયો હોય તે વાક્ય અલગ તારવો.

(1) કવિ શ્રોતાઓને પોતાનું કાવ્ય સમજાવે છે.

(2) એનું કર્યું એને નડ્યું

(3) તેણે નદીતીરે આશ્રમ બાંધ્યો.

(4) યુધિષ્ઠિર એ પરમ સત્યવાદી રાજા હતા.

(5) અનુત્તરિત પ્રશ્ન

139. એકવચનમાં પ્રયોજાયેલું વાક્ય ઓળખાવો.

(1) પછી તો ઐયપ્પાએ મુંબઈમાં ઘણી હોટલો ખોલી.

(2) મગનની જમીનમાં મબલખ પાક પાક્યો.

(3) તમારા ગામમાં બે રાત તો રમવાના છીએ.

(4) આપને આંજણી થઈ છે તો જવ લગાવો.

(5) અનુત્તરિત પ્રશ્ન

140. નીચેનામાંથી દ્વિકર્મક ક્રિયાપદનું ઉદાહરણ કયું છે ?
(1) અમે બોરીવલીમાં રહીએ છીએ.
(2) વિદ્યાર્થીઓ મેદાનમાં રમે છે.
(3) શિક્ષકે વિદ્યાર્થીને વાર્તા કહી.
(4) પંકજ પડી ગયો.
(5) અનુત્તરિત પ્રશ્ન

141. "વળાવી બા આવી, નિજ સકલ સંતાન ક્રમશઃ" – કાવ્યપંક્તિનો છંદ ઓળખાવો.
(1) પૃથ્વી છંદ (2) મંદાક્રાન્તા છંદ
(3) હરિણી છંદ (4) શિખરિણી છંદ
(5) અનુત્તરિત પ્રશ્ન

142. 'ઝાઝાં હાથ રળિયામણાં' કહેવતનો વિરોધી અર્થ પ્રગટ કરતી કહેવત કઈ છે ?
(1) ઝાઝી સુયાણીએ વેતર વંઠે
(2) ઝાઝી કીડીઓ સાપને તાણે
(3) ઝાઝાંવાળાને ઝાઝો લાભ
(4) બે હાથ વગર તાળી ન પડે
(5) અનુત્તરિત પ્રશ્ન

143. નીચેનામાંથી સંકુલ વાક્ય (મિશ્ર વાક્ય) કયું છે ?
(1) એક કાળિયું હજુયે પાછું ફર્યું ન હોતું.
(2) ગોવાળ ગાય ચારે છે અને ગાય દોહે છે.
(3) મને મારા ગાંડીવનું અભિમાન હતું.
(4) હવે જ્યારે હું ત્યાં આવીશ ત્યારે તમને યાદ કરીશ.
(5) અનુત્તરિત પ્રશ્ન

144. શબ્દની સાચી રીતે છૂટી પાડેલ સ્વર-વ્યંજનની ધ્વનિશ્રેણીને આલેખતો વિકલ્પ કયો છે ?
(1) વજ્ર = વ્ + જ્ + ર્ + અ
(2) વિજ્ઞપ્તિ = વ્ + ઈ + જ્ + ઞ્ + અ + પ્ + ત્ + ઇ
(3) અધ્યાપક = અ + ધ્ + ય્ + આ + પ્ + ક્ + અ
(4) ત્રિશૂળ = ત્ + ર્ + ઈ + શ્ + ઉ + લ્
(5) અનુત્તરિત પ્રશ્ન

145. "મારો નંબર આવ્યો _____ એ મને પીરસતો ન હતો." વિરોધવાચક સંયોજકનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો.
(1) છતાં (2) તેથી
(3) કે (4) તો
(5) અનુત્તરિત પ્રશ્ન

146. નીચેનામાંથી કયો છંદ 17 અક્ષરનો નથી ?
(1) મંદાક્રાન્તા (2) શિખરિણી
(3) પૃથ્વી (4) શાર્દૂલવિક્રીડિત
(5) અનુત્તરિત પ્રશ્ન

147. 'દમયંતીના મુખ આગળ તો ચંદ્ર પણ ઝાંખો લાગે' વાક્યમાં કયો અલંકાર પ્રયોજાયો છે ?
(1) ઉપમા (2) વ્યાજસ્તુતિ
(3) ઉત્પ્રેક્ષા (4) વ્યતિરેક
(5) અનુત્તરિત પ્રશ્ન

148. નીચેનામાંથી કૃદંતના પ્રત્યયની દૃષ્ટિએ કયું જોડકું અયોગ્ય છે ?
(1) વર્તમાન કૃદંત : '-ત-' પ્રત્યય
(2) ભૂતકૃદંત : '-ય-' અને '-એલ-' પ્રત્યય
(3) ભવિષ્યકૃદંત : '-નાર-' પ્રત્યય
(4) સંબંધક ભૂતકૃદંત : '-વ-' પ્રત્યય
(5) અનુત્તરિત પ્રશ્ન

149. શબ્દસમૂહ માટે એક શબ્દની દૃષ્ટિએ નીચેનામાંથી કયું જોડકું સુસંગત નથી ?
(1) સારું-નરસું ગ્રહણ કરવાની શક્તિ – વિવેક
(2) હૃદયની વાત જાણનાર – અંતર્યામી
(3) સમુદ્રમાં રહેલો અગ્નિ – દાવાનળ
(4) માથે પહેરવાનું વસ્ત્ર - શિરપાઘ
(5) અનુત્તરિત પ્રશ્ન

150. વિરોધી અર્થની દૃષ્ટિએ કયું જોડકું ખોટું છે ?
(1) હર્ષ × શોક (2) હેત × પ્રેમ
(3) મીઠાશ × કડવાશ (4) સ્વર્ગ × નરક
(5) અનુત્તરિત પ્રશ્ન

SPACE FOR ROUGH WORK